# કાયદા ક્ષેત્રના દબંગ મહારથીની વિદાય

**તંત્રીસ્થાનેથી...**

પુરુષાર્થ અને ભાગ્ય બેઉનો સમન્વય થાય છે ત્યારે કોઈ નિરાશ્રિત શરણાર્થી, વતનછોયો જીવ આડવાણી, મનમોહનસિંહ કે રામ જેઠમલાણી સ્વરુપે પ્રગટે છે. દેશનું વિભાજન એ બેઉ દેશોના વિસ્થાપિત નાગરિકોના જીવનની સૌથી મોટી ત્રાસદી હતી. પરંતુ ઉપર જેમનો ઉલ્લેખ કર્યો છે તે ત્રિપુટીએ સંઘર્ષ અને પડકારો વચ્ચે પણ પોતાનો રાજમાર્ગ કંડાર્યો છે. લાલકૃષ્ણ અડવાણી આજે ભલે હાંસિયે ધકેલાઈ ચૂક્યા હોય પરંતુ દેશનો કેસરિયા રંગે રંગાવાના સાચા સ્વપ્નશિલ્પી તો એ જ. એમણે હિંદુ રાષ્ટ્રના સંઘ સ્વપ્નને સીધી નહીં તો આડકતરી રીતે પણ સાકાર થતું જોયું એનો એમને સંતોષ હશે. ડૉ. મનમોહનસિંહ મૂળે તો હાલનાં પાકિસ્તાની પંજાબના જ છોરું. એમણે સ્વપ્ને પણ કલ્પના નહીં કરી હોય કે કયારેક પોતે ભારતના વડાપ્રધાન બનશે અને એને દુનિયાના ચોકમાં એક નવી ઓળખ ઉપલબ્ધ કરાવશે. મોદી જેમને મિયાં મુશર્રફ કરી હિંદુ વોટોનું ધ્રુવીકરણ કરતા રહ્યા તે પરવેઝ મુશર્રફ દિલ્હીમાં જન્મીને પાકિસ્તાની સેનાના વડા અને પછી રાષ્ટ્રપ્રમુખ બન્યા હતા. રામ જેઠમલાણી એવી જ વધુ એક દંતકથાનું નામ હતું. પંચાણું વર્ષની જૈફ વયે પરલોક સિધાવી ગયેલા આ મહાન કાયદાશાસ્ત્રીએ એક દબંગ હસ્તી જેવી જિંદગી જીવી જાણી. તમે વિચાર તો કરો - ઈંદિરા ગાંધી અને રાજીવ ગાંધીના હત્યારાઓનું વકીલાતનામું ભરવા બીજો કયો વકીલ તૈયાર થયો હોત ? એ માટે છપ્પન કરતાં પણ પહોળી છાતી જોઈએ. એ છાતી રામ જેઠમલાણી પાસે હતી. એક સિંધી, નિરાશ્રિત વકીલે આખા હિંદુસ્તાનના ન્યાયતંત્ર પર રીતસરની ધાક જમાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો પણ જેઠમલાણીનું નામ સાંભળી શિયાંવિયાં થઈ જતા હતા. કાનૂનની ગૂંચોનું અટપટું જ્ઞાન ધરાવતા રામ જેઠમલાણી હરહંમેશ વિપક્ષને ફળતા રહ્યા. એ પછી ભારતીય જનતા પાર્ટી હોય, શિવસેના હોય કે રાષ્ટ્રીય જનતા દળ હોય. એમણે રાજયસભાના સદસ્ય બનવા માટે કોઈ પાર્ટીના સિદ્ધાંતોનો છોછ ન રાખ્યો એમ કોઈની સાડીબાર પણ ન રાખી. કાયદામંત્રી તરીકે વડાપ્રધાન સામે પણ વાંકું પડતાંવેંત રાજીનામું આપી દેવાની તૈયારી રાખનાર જેઠમલાણી એમના આપદધર્મને - વકીલાતના વ્યવસાયને જ વફાદાર રહ્યા, નહીં કે કોઈ પાર્ટીને. જયારે ભારતીય જનતા પાર્ટી એમને રાજયસભાની ટિકિટ ન આપી શકી ત્યારે તેઓ શિવસેનાના ક્વૉટામાંથી ચૂંટાઈ આવ્યા અને છેલ્લે તો ચારાકૌભાંડના આરોપી લાલુના પક્ષના સભ્ય થઈને બેઠા. જેઠમલાણી એક જીવતીજાગતી દંતકથા બની રહ્યા હતા. એમના પ્રભાવ સામે વડાપ્રધાનો અને રાષ્ટ્રપતિઓ ઝાંખા પડતા હતા. જો કે ગાંધીજીએ વકીલાતના વ્યવસાયની 'હિંદ સ્વરાજ'માં ભયંકર ટીકા કરી છે તે સંદર્ભે ગુનેગાર ગુનેગાર છે એવી સ્પષ્ટ સમજણ હોવા છતાં જેઠમલાણી વકીલાતની પાશ્ચાત્ય વિભાવના મુજબ એવાં 'પાપ' પર કરતાં જ રહ્યાં ! દિવંગત કાયદાશાસ્ત્રીને ઈશ્વરના દરબારમાં પણ નિરાંતે બેસી રહેવાનું તો નહીં જ ફાવે. એ તો નરકવાસીઓના કેસ લડવા પર તૈયાર થઈ જશે !

# સફળ ખેલાડીઓના જીવનમાંથી આપણને સતત ઝઝુમવાની - લડવાની - પ્રેરણા મળે છે






કયારેય હાર ન માનવી, નિરાશ થવું નહીં, પરસેવાથી રેબઝેબ થઈને પણ શરીર પાસેથી પૂરતું કામ લેવું, મેદાન છોડવાની તો વાત જ નહિ કરવાની.... પડ્યા પછી, ગબડ્યા પછી ત્યાં બેસવાનું નહિં, વધુ તાકાત સાથે ઉભા થવાનું, ફરી ઝઝૂમવાનું ને અંતે જીતવાનું... ને જીતીને હર્ષના આંસુ સાથે રડવાનું... આનંદની ચીચીયારીઓથી આકાશને ગજવવાનું...

આ બધ્ધે બધ્ધું જેણે કર્યું એ રમતવીરને દુનિયા આખી પી.વી. સિંધુના નામે ઓળખે છે. બેડમિન્ટનની રમતમાં બે બળીયા ખેલાડીઓ જયારે મેદાન પર હોય ત્યારે સતત એ રમતમાં ઉતાર-ચડાવ આવતા રહે છે, એવા જ ઉતાર-ચઢાવ એની કારકિર્દીમાં પણ આવ્યા... પણ હારથી એ ડગી નહીં, થાકી નહીં, એ હારને સિંધુએ મન પર સવાર થવા દીધી નહિ અને પરિણામે આખરે થોડા સમય પહેલા વિશ્વ વિજેતા થઈ.

૫ જુલાઈ ૧૯૯૫ના રોજ આંધ્રપ્રદેશના હૈદરાબાદમાં એનો જન્મ. ૫ ફુટ ૧૦ ઈંચની ઊંચાઈ ધરાવનાર સિંધુના પિતા પી.વી. રમણ અને માતા પી. વિજયા વોલીબોલ ખેલાડી રહી ચૂક્યા છે એટલે રમત પ્રત્યેનો લગાવ અને સ્પોર્ટમેન સ્પીરીટ તો એણે જાણે લોહીમાં જ મળ્યા હતા.

બાળપણમાં પુલેલા ગોપીચંદની રમતથી આકર્ષિત થઈને એ બેડમિન્ટન રમવા તરફ વળી. આસપાસની આ રમતની તાલીમ સંસ્થાઓમાંથી થોડું શીખી અને પછી દાખલ થઈ પુલેલા ગોપીચંદની બેડમિન્ટન એકેડમીમાં.

તનતોડ મહેનત, એક માત્ર લક્ષ્ય, બેટમિન્ટન માટે સમર્પિત જીવન અને માતાપિતાના પ્રોત્સાહનથી એની રમતના ચમકારા સ્ટેટ - નેશનલ ને પછી ઈન્ટરનેશનલ લેવલે થતા ગયા.

૨૦૧૨માં વિશ્વની ટોચની ૨૦ ખેલાડીઓમાં સ્થાન મેળવ્યું, ૨૦૧૩માં તેણી વર્લ્ડ લેવલે મેડલ જીતનાર પ્રથમ ભારતીય બેટમિન્ટન ખેલાડી બની, ૨૦૧૫માં પદ્મશ્રી એવોર્ડ મળ્યો, ૨૦૧૬માં ઓલિમ્પિક ફાઈનલમાં પ્રવેશનાર પ્રથમ ભારતીય મહિલા બની, ૨૦૧૬માં રજત ચંદ્રકથી સંતોષ માન્યો, ૨૦૧૭માં અને ૨૦૧૮માં વર્લ્ડ ચેમ્પિયનશીપમાં સિલ્વર અને આખરે ૨૦૧૯માં વુમેન્સ સિંગલ્સમાં સિંધુએ ગોલ્ડમેડલ મેળવ્યો.

સિંધુની કેટલીક યાદગાર મેચની વીડિયો જોનારને ખ્યાલ હશે કે અપ્રતિમ તાકાત, મનોબળ, દીર્ઘદષ્ટિ, પ્લાનિંગ અને બાજનજર તથા ચિત્તાની ઝડપથી એ મેદાન પર પોતાની રમત દરમિયાન સર્વસ્વ દાવ પર લગાડી દે છે. જયારે વર્લ્ડ કપનો ખિતાબ મળ્યો ત્યારે તેણીએ આ સન્માન પોતાની માતાને અર્પણ કર્યું હતું... અને માતાએ સિંધુની મહેનત કૌશલ્ય અને પરિશ્રમનો ઉલ્લેખ કરીને એક સૂચક વાત કરી હતી કે છેલ્લા છ મહિનાથી સિંધુએ મોબાઈલનો ઉપયોગ પણ કર્યો ન હતો.

આ સંયમ અને સમર્પણ એ પુરવાર કરે છે કે સમળતા આમનામ રસ્તામાં ચાલતા મળતી નથી. બગાસુ ખાતા પતાસુ મળી જાય એવા લોકોની સંખ્યા મારીને તમારી આસપાસ કેટલી છે? અને એમની એવી સફળતા કેટલો સમય ટકી છે ? સરવાળે એક જ વાત મહત્ત્વની છે અને એ છે કે ઘડિયાળના કાંટાની મર્યાદામાં રહ્યા વિના થતો અવિરત પુરુષાર્થ...

'ગોલ્ડન ગર્લ' બની ચુકેલી પી.વી. સિંધુ છેલ્લી ૬ ટુર્નામેન્ટની ફાઈનલમાં હારી ચુકી હતી. એક અર્થમાં મોઢા સુધી આવેલો કોળિયો છીનવાઈ જવાના પ્રસંગો છ-છ વાર બન્યા હતા. સ્વાભાવિક છે કે એ પોતે અનહદ આ દબાણ સામે - ટક્કર લઈને, વિશ્વ વિજેતા થવું એ કાંઈ જેવી તેવી વાત નથી અને સિંધુએ એ પુરવાર કરી બતાવ્યું. ત્યારે સમગ્ર વિશ્વના ભારતીયોએ એને શાબ્બાસી આપી.

સિંધુએ પોતાની જીત બાદ એના કોચ ગોપીચંદ (જેની રમત જોઈને એ બેટમિન્ટન તરફ આકર્ષાઈ એ જ એના કોચ હોય એવું એનું સદ્‌ભાગ્ય છે) અને સાઉથ કોરિયન કોચ કિમ જી હ્યુનનો પણ આભાર માન્યો અને દર્શકોનો પણ આભાર માન્યો.

પી.વી. સિંધુ અને તેમના જેવા અનેક સફળ ખેલાડીઓના જીવનમાંથી આપણને સતત ઝઝુમવાની - લડવાની - પ્રેરણા મળે છે. આ પ્રેરણા આપણા જીવનમાં આવતા સંઘર્ષોમાં કયારેય ન હારવા અને સફળતા તરફ આગળ વધવા ઉપયોગી થાય છે. આવું થાય ત્યારે રમતના મેદાન દ્વારા પણ અજવાળા રેલાય છે.

# યુનિવર્સલ લૉ નું વિષય પાન

યુનિવર્સલ લૉ (બ્રહ્માંડ કાયદો) શબ્દને નેચરલ લો અથવા નેચર લૉ સાથે આંતર-પરિવર્તનીય માનવામાં આવે છે. 'બ્રહ્માંડ' શબ્દ પોતે જ આ હકીકત દર્શાવે છે, યુનિવર્સસ' એટલે સંયુક્તમાં એકતા અનુવાદિત થાય છે.ખાસ કરીને આ ચર્ચાના સંદર્ભમાં, બ્રહ્માંડ ભૌતિક અને બિન-ભૌતિક બે વચ્ચેનો ભેદ ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે તે કાળજીપૂર્વક તર્ક દ્વારા સાબિત થઈ શકે છે કે સમય અને જગ્યા બે મૂળ શરતોનું નિર્માણ કરવાનું કહેવામાં આવે છે, તમામ કલ્પનાશીલ સ્થિતિઓ આખરે તે બે મૂળના કેટલાક સંયોજનમાં ઉકેલી શકાય છે કાયદો અને નીતિશાસ્ત્રમાં, સાર્વત્રિક કાયદો અથવા સિદ્ધાંત કાયદેસર ક્રિયાઓના ખ્યાલ તરીકે સૂચવે છે, જેમાં તે સિદ્ધાંતો અને માનવોના વર્તનને સંચાલિત કરવાના નિયમો કે જે તેમની સ્વીકાર્યતા, ઉપયોગિતા, અનુવાદ અને દાર્શનિક ધોરણે સૌથી વધુ સાર્વત્રિક ધ્યાનમાં લેવામાં આવે છે. જે કાયદેસર હોવું જરુરી છે. જેમ કે કોઈ ફળ અસ્તિત્વમાં હોય તે સમયે જગ્યાએ ભાર મૂકવાનો પ્રયાસ કરે છે કે એ ના એ જ સમયે અને તે જ સમયે અસ્તિત્વમાં હોઈ શકે છે. દરેક જાગૃત ક્ષણમાં આપણે આપણા જીવનને બનાવી અને બદલી રહ્યા છીએ. હાલની સ્થિતિમાં ભવિષ્ય આપણા વિચારો, કલ્પના, ઈરાદાઓ, લાગણીઓ, માન્યતાઓ, વર્તણૂંકો, અપેક્ષાઓ કરીએ છીએ. બ્રહ્માંડ કાયદોમાં કુલ ૧૪ બાબતો અત્યંત મહત્વની વિષય પાન છે.

૧) દૈવી એકતા કાયદો :

દૈવી એકતા શું અર્થ છે? આપણે જે પણ વિચારીએ, અનુભવીએ અને બોલીએ તે બધાના પ્રભાવ સાથે સંબંધિત છે. આપણે સમજવાનું શરૂ કરી લઈએ પછી આપણે બીજાઓની સારી ઓળખાણ અને દયા બતાવવાની શરૂઆત કરી શકીએ છીએ, જે આપણે ભગવાન અને આપણા ઉચ્ચ સ્વભાવની નજીક હોઈએ છીએ. ઉદાહરણ તરીકે જીવનસાથીની લાગણીઓને નુકસાન પહોંચાડવા માટે ચીસો કરીને અથવા બરાડાથી વાતો કરીને પ્રતિક્રિયા આપવાથી તેની લાગણીહીન જવાબ હશે પરતું પ્રેમથી જવાબ આપશો જેનો તે સામનો પ્રેમ મળશે. દૈવી એકતાના નિયમ જણાવે છે કે દુનિયામાં આપણે જીવીએ છીએ જેની સાથે બીજું બધું જોડાયેલું છે. દરેક વિચાર, શબ્દો, ક્રિયાઓ અને માન્યતાઓ આપણા બ્રહ્માંડની આસપાસના લોકો પર અસર કરે છે, પછી ભલે લોકો નજીક અથવા દૂર હોય. આપણી જે વિચાર અને માન્યતા લોકો અને આપણી આસપાસના વિશ્વ પર સમાન અસર કરશે. આપણે હંમેશાં ઈશ્વરની શક્તિથી જોડાયેલા છીએ કારણ કે ઈશ્વર સર્વ ની શક્તિમાન હોવાથી જીવંત અથવા ભૌતિક વસ્તુઓની સાથે સાથે પરમેશ્વરનો જ્ઞાન અનંત છે દરેક આત્મા ભગવાનની શક્તિનો મેટ્રિક્સ, શુદ્ધ ચેતના અથવા સાર્વત્રિક મનની ઊર્જાનો ભાગ છે.જેમાં સારા વિચારો વિચાર આવશ્યક હોવાથી લાગણી અને ક્રિયાઓ માનવતા, કુદરત અને તમામ ભગવાન એક છે. આ કાયદાને વાસ્તવિક દુનિયામાં કામ કરવા માટે મુકવું અગત્યની વાત એ છે કે આપણે બધા એક બીજા સાથે જોડાયેલા છીએ. દૈવી એકતાના કાયદા પર છેલ્લો વિચાર વિશ્વને તમે જે રીતે પ્રતિસાદ આપો છો તે જ રીતે વિશ્વ તમને જવાબ આપે છે. શબ્દો અને કાર્યો બીજાને અસર કેવી રીતે કરે? શબ્દો અને ક્રિયાઓ પ્રત્યેની સાથે કનેક્ટ થતા લોકો પ્રત્યે સીધી અસર કરે છે. ઉદાહરણ તરીકે કોઈ વ્યક્તિને ટ્રાફિકમાં નુંકસાન કરો છો, તો તમે તે વ્યક્તિમાં નકારાત્મક લાગણીથી તે શબ્દો તેમના આત્મસન્માન અને વિચારના સંદર્ભમાં તે વ્યક્તિ પર ગંભીર અસર કરી શકે છે. વિજ્ઞાન અને ધર્મની સંમત છે,'ઈશ્વર અને ઊર્જા પોતે જ સર્જત્મક અને નાશવંત છે. દરેકને અંતે શુદ્ધ ઊર્જા શામેલ હોવાથી પરિપ્રેક્ષ્ય અને પરોક્ષ બધા સાથે અને ક્વોન્ટમ સ્તરે જોડાયેલા છીએ. સ્માર્ટ ફોનમાં પ્રથમ માણસને ચંદ્ર પર મૂકતા કમ્પ્યુટર્સ કરતાં વધુ પ્રોસેસિંગ પાવર છે. આજે એક માઈક્રો ડિવાઈસમાં અનંત મોટી શક્તિ છે જે દરેકના ખિસ્સામાં ધરાવે છે. આ પ્રકારની ક્ષમતા ફક્ત ૧૦૦ વર્ષ ચાલતી હોત તો 'ઈશ્વરના જેવા' ગણાશે.

(ક્રમશઃ)

- ચિરાગ શરદકુમાર જાની

# લહરોં સે ડર કર નૌકા પાર નહીં હોતી, કોશિશ કરને વાલોં કી હાર નહીં હોતી




**લહરોં સે ડર કર નૌકા પાર નહીં હોતી**
**કોશિશ કરને વાલોં કી હાર નહીં હોતી**
**નન્હીં ચીંટી જબ દાના લેકર ચલતી હૈ**
**ચઢતી દીવારોં પર, સૌ બાર ફિસલતી હૈ**
**મન કા વિશ્વાસ રગોં મે સાહસ ભરતા હૈ**
**ચઢકર ગિરના, ગિરકર ચઢના ન અખરતા હૈ**
**આખિર ઉસકી મેહનત બેકાર નહીં હોતી**
**કોશિશ કરનેવાલોં કી હાર નહીં હોતી.**
**ડુબકિયાં સિંધુ મેં ગોતાખોર લગાતા હૈ**
**જા જા કર ખાલી હાથ લૌટકર આતા હૈ**
**મિલતે નહીં સહજ મોતી ગહરે પાની મેં**
**બઢતા દુગના ઉત્સાહ ઈસી હૈરાની મેં**
**મુઠ્ઠી ઉસકી ખાલી હર બાર નહીં હોતી**
**કોશિશ કરને વાલોં કી હાર નહીં હોતી**
**અસફલતા એક ચુનૌતી હૈ, સ્વીકાર કરો**
**કયા કમી રહ ગઈ, દેખો ઓર સુધાર કરો**
**જબ તક ન સફલ હો, નીંદ ચૈન કો ત્યાગો તુમ**
**સંઘર્ષ કા મૈદાન છોડ મત ભાગો તુમ**
**કુછ કિયે બિના હી જય જય કાર નહીં હોતી**
**કોશિશ કરને વાલોં કી હાર નહીં હોતી.**

**- સોહનલાલ દ્વિવેદી**

જી હા ! સૌ પ્રથમ તો આજના લેખની શરુઆત આ કવિતાના મૂળ સર્જકની ચર્ચાથી જ કરીએ, કારણ કે ઘણાં બધાં વાચકોને આ કવિતા હરિવંશરાય બચ્ચનની હોવાનો જ ખ્યાલ છે, જયારે વાસ્તવમાં આ રચના સોહનલાલ દ્વિવેદીની છે, તે વાત સ્વયં અમિતાભ બચ્ચને તેમના એક ટ્વિટ દ્વારા અને ફૅસબુક પોસ્ટ દ્વારા સ્પષ્ટ કરી દીધું છે. તો ૧૯૦૬માં જન્મેલ અને ૧૯૮૮માં મૃત્યુ પામેલ આ કવિને પોતાને પણ આ કૃતિ તેમની જ છે, તેનો શ્રેય ખૂબ જ મોડો મળ્યો છે, આ કવિતાના એક એક શબ્દ જામે તેમણે જ પહેલા જીવનમાં પચાવવા પડ્યા હશે.

ચંદ્રયાન-૨ અને ત્યાર પછીની સમગ્ર ઘટનાથી આપણે અવગત છીએ માટે તેના પિષ્ટ પેષણમાં નથી પડવું, પરંતુ સાથે સાથે ગયા શુક્રવારે રિલીઝ થયેલી 'છીછોરે' ફિલ્મમાં એક સંવાદ સાથે આ ઘટનાનો કેવો તાલમેલ બેસે છે, તે સમજવું છે. ફિલ્મમાં મુખ્ય સંદેશ છે કે, જીવનમાં નિષ્ફળતા મળે એટલે જીવન સ્થગિત નથી થઈ જતું, પરંતુ નિષ્ફળતા મળ્યા પછી ત્યાં જ અટકી જવું એ તમને 'લૂઝર' બનાવે છે.

વડાપ્રધાન જે રીતે શ્રી કે. સિવાન (વિજ્ઞાની) ને ભેટીને સાંત્વના આપી, અને તેમને આશ્વાસ્ત કર્યા તે વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, તેને જો કોઈએ સૌથી વધુ જોવા સમજવાની શીખવાની પચાવવાની જરૂર હોય તો તે આજના માતાપિતાએ છે.

આપણે બાળકને નિષ્ફળતા વખતની તાલીમ જ નથી આપી. પરીક્ષામાં ૯૦ ટકા આવે તો આ ભેટ, ૮૦ ટકા આવે તો આ ભેટ, પરંતુ અસફળ થાવ તો શું ? તેનો ઉત્તર કદાચ આપણી પાસે પણ નથી.

આ હરિફાઈનો યુગ છે. બિલાડીના ટોપની માફક જયાં ને ત્યાં કોચિંગ કલાસીસ સમા વિકરાળ રાક્ષસ મોઢું ફાડીને ઊભા જ છે.

હમણાં જ કોટા કોચિંગ ફેકટરીની એક વિદ્યાર્થીનીનો એક પત્ર વોટ્સએપ પર ફરી રહ્યો છે, જેમાં એન્જીનીયરીંગ અને લીટરેચર આ બે શાખામાં અટવાતી દીકરીનો આત્મહત્યા પહેલાનો આ પત્ર વાંચીને રુવાડા ઊભા થઈ જાય છે.

૩ ઈડિયટ્સનું 'I QUIT' વાળું દશ્ય જોઈએ, અને ત્યારબાદ કબ્રસ્તાનમાં આમીરખાન કહે છે કે, 'આ મૃત્યુ નથી, આ મર્ડર છે.' આવા અનેક પ્રયત્નો ફિલ્મો દ્વારા, વાર્તાઓ દ્વારા વારંવાર કરવામાં આવે છે, પરંતુ હજી સુધી માતા-પિતાની મૂળભૂત માનસિકતામાં કોઈ ફર્ક પડ્યો હોય તેમ લાગતું નથી.

'ચંદ્રયાન-૨'ની કહેવાતી પીછેહઠ વખતે પ્રધાનમંત્રીના વીડિયોને વખાણનારા કેટલા પિતાઓએ પોતાના દીકરાને પરીક્ષામાં કે ધંધામાં નિષ્ફળતા મળ્યા પછી આમ ગળે લગાડ્યાં હશે... આપણે તો 'નિષ્ફળતા મળવી જ ન જોઈએ.' વાળા અભિગમમાં જે - તે સંતાન અપેક્ષાઓના બોજ હેઠળ એવો તે દબાઈ જાય છે કે, ન પૂછો વાત ! અને કયાંક ને કયાંક માતાપિતા પોતાના અધૂરા સ્વપ્નાઓ પોતાના સંતાનો પૂરા કરી દેશે એવા આશાવાદ સાથે નાનકડા ભૂલકાઓ પર પોતાની મરજી જ લાદી દેતા હોય છે.

સો વાતની એક વાત આજના હરિફાઈના અને ઝડપથી આગળ વધતી જતી દુનિયામાં બાળકોને નિષ્ફળતાને પણ પચાવવાની, આવા સંજોગોને કેવી રીતે હેન્ડલ કરવા તેની તાલીમ આપવી જ રહી.

શું આભ તૂટી પડશે ? જો એકાદ પરીક્ષામાં ૯૦ ટકા નહીં આવે તો ? બોર્ડમાં જો નિષ્ફળતા મળશે તો જીવનમાં પૂર્ણવિરામ લાગી જવાનું છે ! જરાય નહીં. જગત જમાદાર બનનારા મોટાભાગના ઉદ્યોગ સાહસિકો કાં તો સ્કૂલ ડ્રોપ આઉટ હતા અથવા કૉલેજ ડ્રોપ આઉટ હતા.

વાસ્તવમાં આપણા સફળતા અને નિષ્ફળતાનાં માપદંડ જ ઉછીના લીધેલા હોય છે. ફલાણાભાઈનો પુત્ર કે પુત્રી આ લાઈનમાં સફળ રહ્યા એટલે અહીં મારો પુત્ર કે પુત્રી પણ એ જ રસ્તે સફળ થશે... વિચાર તો કરો કે જો ધીરુભાઈ અંબાણી પોતાના શિક્ષક પિતાની વાત માનીને તેમના મત મુજબ નોકરી કરે રાખતા હોય તો, આજે 'રિલાયન્સ' હોત... જો અમિતાભ બચ્ચન 'આકાશવાણી' માં માત્ર નોકરી કરીને સંતોષ માની લેત તો... આવા તો અગણિત ઉદાહરણ છે.

દુઃખ એ વાતનું છે કે, જે માતાપિતાએ પોતે કષ્ટ સહન કરીને જરાક હટકે પગલાંઓ ભરીને શૂન્યમાંથી સર્જન કર્યું હોય છે, તેઓ ખુદ પોતાના સંતાનો માટે ખૂબ જ સલામત માર્ગો પસંદ કરતા હોય છે.

સુરતના હીરાના વેપારી સવજી ધોળકીયા જેવા પિતા તો કોઈ વિરલ જ હોય જે પોતાના પુત્રને પિતાની ઓળખ છુપાવીને કેરળમાં જઈને પોતાના દમ પર પૈસા કમાવાની શર્ત પર જીવન અધ્યાય શીખવવા માગતા હોય.

નિષ્ફળતા મેળવીને હતાશામાં ચાલ્યા જતા આજના યુવાનોની આ પરિસ્થિતિના જવાબદાર કયાંક ને કયાંક માતાપિતા પોતે જ છે. પ્રામાણિક પ્રયત્નો ચાલુ રાખવા જોઈએ.... પરિણામ જે પણ આવે તેને સ્વીકારવાની તાલીમ આપતી સંસ્થા આપણે ઘરમાં જ ખોલવી પડશે, અને તે કોચિંગ કલાસના ટ્યૂટર માતાપિતાએ જ બનવું પડશે.

- jayuoza@gmail.com
Mo.9898046488

# સમાજના અનિષ્ટો સામે ચકોરની પીંછીના લસરકે આગ ભભુકતી






જેણે હાથમાં પિસ્તોલ કે તલવાર લઈને નહીં પણ કલમ અને પીંછી લઈને સમાજનું અહિત કરનારા ભલભલા ચમરબંધીઓને અટકાવ્યા, ઝટકાવ્યા અને ઉભી પૂંછડીએ ભગાડ્યા છે એવા બંસીલાલ વર્માની બે દિવસ પહેલા પુણ્યતિથી ગઈ. સમાજનો આ જાગતો પ્રહરી સપ્ટેમ્બર, ૮ ૨૦૦૩માં દુનિયાને અલવિદા કરી ચાલી નીકળ્યો. બંસીલાલની 'ચકોર' નજરથી બ્રિટીશરોથી માંડીને ૨૧મી સદીની શરૂઆત સુધી અનિષ્ટ તત્ત્વો બચી શક્યા ન હતા. ચકોર ન માત્ર ગુજરાત પરંતુ ભારત અને આખી દુનિયાના અવ્વલ દરજ્જાના કાર્ટુનિસ્ટ ગણાતા હતા.

ચકોરની કલમમાં વેધકતા અને પીંછીના લસરકામાં હૃદય સોંસરવી નીકળી જાય એવી આગ ભભુકતી હોય છતાં જેને ઉદ્દેશીને એમણે કલમ અને પીંછીનું તીર છોડ્યું હોય એ આ પ્રહારને જોઈને ખડખડાટ હસી પડતો. કપટ, દંભ, છેતરામણી જેવા સમાજને કોરી ખાતા અનિષ્ટ તત્ત્વો ચકોર દ્રષ્ટિથી બચી ન શકતાં. મુખના હાવભાવ, કપડા, ચિત્રની આજુબાજુની ઓપન સ્પેસ અને છાયાનું સામંજસ્ય એમના કાર્ટૂન ચિત્રોને જીવંત બનાવતા. એમનાં હજારો વ્યંગ ચિત્રો, ઈલસ્ટ્રેશન્સ, અનેક પુસ્તકોના મુખપૃષ્ટોમાં માનવીય અંતરમનની સંવેદનાના ગહન ચિંતનની રેખાઓ સ્પષ્ટ ઉપસી આવતી જોવા મળે છે.

જેમ કળીનું સાહજિકતાથી પુષ્પમાં રૂપાંતરણ થાય એમ સાહિત્ય, શિક્ષણ, રંગભૂમિ અને સમાજજીવન સાથેના એમના ઉષ્માભર્યા સંબંધોના પરિણામે જ એક વિઝ્યુઅલ આર્ટીસ્ટ ઉપરાંત ઊંચા ગજાના કલાકારનું સાહજિકતાથી નિર્માણ થયું હતું. વ્યંગચિત્રોમાં આવતા એમના લખાણમાં પણ સાહિત્યનો મર્માળુ સ્પર્શ એમનામાં રહેલા સાહિત્ય સાક્ષરને પણ ઉજાગર કર્યા વગર નથી રહેતો. બાળકો માટે ચકોર દાદાએ 'ચાચાજીકા મુન્ના' નામની કાર્ટૂન ફિલ્મ બનાવેલી.

વર્ષ ૧૯૧૭માં મહેસાણા જિલ્લાના તારંગા પાસે આવેલા નાનકડા ગામ ચોટીયા ગામમાં ગુલાબરાય અને જમના ગૌરીને ત્યાં બંસીલાલનો જન્મ થયો હતો. આમ તો મુળતઃ પરિવાર વડનગરનું વતની. રાજા રવિ વર્માથી તેઓ ખાસ્સા પ્રભાવિત હતા. વર્ષ ૧૯૩૫માં અમદાવાદમાં રવિશંકર રાવલ પાસેથી ચિત્રકળાના પદાર્થપાઠ શીખ્યા. એમણે પોસ્ટરો, બેનરો અને વ્યંગચિત્રો દોરી તેમનો કલાકાર સહજ ફાળો સ્વાતંત્ર્ય સંગ્રામ વેળા આપ્યો હતો. વર્ષ ૧૯૩૮માં મુંબઈમાં એમણે હિન્દુસ્તાન દૈનિકમાં કામ શરૂ કર્યું. આ દૈનિક સરદાર વલ્લભભાઈ પટેલના નિધન બાદ બંધ થતાં જન્મભૂમિ દૈનિકમાં તેમણે કામ કર્યું. પછી ૧૯૭૮માં મુંબઈને ગુડ બાય કરી અમદાવાદમાં આવીને 'સંદેશ'માં જોડાયા.

સ્વ. વિનોદ ભટ્ટે એક વાર કહેલું કે, ચકોર બહુ મોટા ગજાના વ્યંગ ચિત્રકાર છે. ગુજરાતી ભાષામાં ચકોર અને અંગ્રેજીમાં આર. કે. લક્ષ્મણ બંનેની કારકિર્દી એક સાથે શરૂ થયેલી. બન્ને બરોબરીયા. પરંતુ ચકોરે સમજીને મુંબઈ છોડેલુ, ગુજરાત-અમદાવાદને કર્મભૂમિ બનાવી તે સ્પર્ધા ટાળી હતી. એક સમય એવો હતો હતો કે ચકોર અને આર. કે. લક્ષ્મણના કાર્ટૂન અખબારના પ્રથમ પાને ન હોય તો અખબાર વાચકોને કઠતું. 'ઠોઠ નિશાળીયો' ફેમ બકુલ ત્રિપાઠી ચકોરદાદા માટે લખે છે કે, લગભગ અર્ધી શતાબ્દીથી આગળ એક દશક સુધી સમાજના વૈચારિક આરોગ્યના અને પ્રગતિશીલ વિચારધારાના ઉપાસકની પીંછી ખૂબ ચાલતી રહી. ચકોર વ્યવહારમાં ફકીરીનો મૂડ ધરાવતા અને મનથી સંપૂર્ણ કલાકાર હતા.

ગુજરાતી વિનોદિકાના ભિષ્મપિતામહ જ્યોતીન્દ્ર હ. દવે કહે છે કે, સ્વભાવે બંસીલાલ આખા બોલા અને કંઈક તીખા પણ ખરા પરંતુ એમની જીભની તીખાશ અને કડવાટ એમના હૃદયની મીઠાશમાં ઓગળી જતી. મને બરાબર યાદ છે ૮૦ના દશકમાં મારી પત્રકારત્વની કારકીર્દિની શરૂઆતમાં એમને અખબારની કચેરીમાં ઘણીવાર મળવાનું થયું. દરેક મુલાકાતમાં શબ્દો ઓછા અને હૃદયની ઉષ્મા ઝાઝી દેખાતી. એમનું ટેબલ આર્ટ પેપરના ટૂકડાઓ, કાળી શાહી અને અલગ અલગ પીંછીઓથી શોભતું. જે બે-ચાર વાક્યોની આપ-લે થતી એમાં મને હમેશા પત્રકારત્વનો એક નવો પાઠ શીખવા મળતો.

કપાળમાં ગોળ ચાંદલો, સાડી, કાનમાં કુંડળ, હાથમાં બંગડી સાથે આદર, માન, સત્કારની ભારતીય પરંપરાને ઉજાગર કરતી નમસ્કાર મુદ્રામાં ભારતની સંસ્કારીતા અભિવ્યક્ત કરતી નારીનું લાઈન ડ્રોઈંગ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. કોમ્પ્યુટરની દરેક સોફ્ટવેર લેંગ્વેજના ઈલસ્ટ્રેશન કલેકશનમાં આ નમસ્કાર કરતી ભારતીય જાજરમાન નારીવાળું લાઈન ડ્રોઈંગ હોય જ. વિશ્વના અનેક પ્રકાશનોમાં એ લાઈન ડ્રોઈંગ પ્રસિદ્ધ થયું છે અને ભવિષ્યમાં પણ થતું રહેશે. આ પ્રસિદ્ધ લાઈન ડ્રોઈંગના સર્જક બીજું કોઈ નહીં આપણા ચકોર દાદા છે.

ચકોર દાદા મુંબઈમાં હતા ત્યારે એમણે એક કોમિક કક્કો તૈયાર કર્યો હતો. વિઝ્યુઅલ આર્ટિસ્ટ મિત્ર જય પંચોલી કહે છે કે, ચકોરના આ કોમિક કક્કો બનાવવા પાછળનો હેતુ બાળકોને હસતા ખેલતા કક્કો બારાખડી શીખવાડવાનો હતો. બહુ ઓછા લોકો જાણે છે કે, ચકોર દાદાને કવિતાઓ અને વાર્તાઓ લખવાનો શોખ હતો. એમની કેટલીક વાર્તાઓ વખણાઈ પણ ખરી. જો કે આ બધામાં સૌથી ઉપર એમનો રંગભૂમિનો શોખ રહ્યો. એમણે પ્રિતમનગર વ્યાયામ શાળા મધ્યે ચાલતા રંગમંડળમાં એક દશક જેટલો સમય સેવાઓ આપી. કહ્યાગરો કંથ, મનુની માસી અને મારી હેલ ઉતારો રાજ એ ત્રણ ફિલ્મોનું ચકોરદાદાએ કલા નિર્દેશન કર્યું હતું.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મોન્ટ્રીઅલ એવોર્ડથી માંડીને લલિતકલા અકાદમીનો એવોર્ડ, રવિશંકર રાવળ એવોર્ડ, મુંબઈ નાગરિક એવોર્ડ જેવા ૩૦થી વધુ પ્રતિષ્ઠીત સન્માન એમને મળ્યા છે. ગુજરાત વિઝ્યુઅલ આર્ટિસ્ટ એસોસિએશનના મહામંત્રી અરવિંદભાઈ કાનાણી હમણા ગુજરાત વિમેન વિઝ્યુઅલ આર્ટિસ્ટ એસોસિએશનના 'ગણેશા' પ્રદર્શન વેળા મળી ગયા. એમણે એસોસિએશન દ્વારા પ્રકાશિત 'ચારેકોર ચકોર' પુસ્તિકા આપી ત્યારે મનના એક ખૂણે ધરબાયેલી ચકોર દાદાની સ્મૃતિઓ સળવળીને બેઠી થઈ ગઈ. ચકોર હાથથી નહી દિલ અને દિમાગથી પેઈન્ટિંગ કરતા. ચકોર ગુજરાત વિઝ્યુઅલ આર્ટિસ્ટ એસોસિએશનના પ્રથમ પ્રમુખ હતાં.

આમ જોવા જઈએ તો કલા શબ્દ અત્યંત વ્યાપક છે. નાટ્યશાસ્ત્રમાં કલા શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ જોવા મળે છે. ત્યારબાદ વાત્સ્યાયન ઋષિ અને ઉસનશે કલાનું વર્ણન આપ્યું. ભારતીય પંડિતોના મતે જેમાં કૌશલ્ય હોય એવી ક્રિયા એટલે કલા. પશ્ચિમના તજજ્ઞો પણ એ વાત સાથે સહમત છે કે કલામાં કૌશલ્યને પ્રાધાન્ય હોય છે. સામાન્ય રીતે કલાના સ્થાપત્ય, મૂર્તિ, ચિત્ર, સંગીત, કાવ્ય નૃત્ય અને રંગમંચ એ સાત ક્ષેત્રો છે. આ પૈકી ચિત્રકલા ચીન, મિસ્ત્ર, ભારત વગેરે દેશોમાં ખૂબ પ્રાચીન કાળથી જોવા મળે છે. લંડનના બ્રિટીશ સંગ્રહાલયમાં ૩૦૦૦ વર્ષ પુરાણા મિસ્ત્રના પ્રસિદ્ધ ચિત્રો આજે પણ જોવા મળે છે.

ચિત્ર એક કવિતા છે જેમાં શબ્દો નથી હોતા. નેપોલીયન બોનાપાટ કહે છે કે, એક ચિત્ર હજાર શબ્દોની ગરજ સારે છે. ચિત્રકલા માટે કહેવાય છે કે, એક મહાન ચિત્રકાર હંમેશાં એના સમયથી ઘણો આગળ અથવા તો ઘણો પાછળ વિહરતો હોય છે. એટલે જ સામાન્ય માનવી જે નથી જોઈ શકતો એને એની કલ્પનાની પાંખો ફફડાવી કાગળ કે કેનવાસ ઉપર સજીવન કરી શકે છે. ચકોરદાદા એવા લીજેંડ ચિત્રકાર, લેખક, કવિ, રંગભૂમિના કલાકાર હતા કે જેમને ચિત્રકારીના પૈસા નહોતા મળતા એમની દૂરંદેશી અને કલ્પનાની કિંમત અપાતી હતી. ચકોર દાદાની પ્રત્યેક આકૃતિ એમના અદ્વિતીય સ્વભાવનું અદ્વિતીય પરિણામ છે.

**ધબકાર :**
**એક લેખક એની આંખોથી લખે છે જયારે એક ચિત્રકાર એના કાનથી ચિત્રકારી કરતો હોય છે**